# વડોદરા જિલ્લાના ચાણસદમાં નારાયણ સરોવરનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ

## ભારતીય સંસ્કૃતિના ત્રણ આધારસ્તંભ - સંત, શાસ્ત્ર અને મંદિરને મજબૂત કરવાનું યુગકાર્ય પ્રમુખ સ્વામી મહારાજના હસ્તે થયું છેઃ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ





કમલમ્ ન્યુઝ,વડોદરા,

પ્રમુખ સ્વામી મહારાજના પ્રાગટ્ય સ્થાન એવા ચાણસદમાં આધ્યાત્મિક જ્ઞાનના મહાસાગર એવા નારાયણ સરોવરનું લોકાર્પણ કરતા મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિના ત્રણ આધારસ્તંભ - સંત, શાસ્ત્ર અને મંદિરને મજબૂત કરવાનું યુગકાર્ય પ્રમુખ સ્વામી મહારાજના હસ્તે થયુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને ઝીલીને રાજયના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરનું નિર્માણકાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે, તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ વર્ષે બજેટમાં અમૃત ૨.૦ અંતર્ગત તળાવોના વિકાસ અને પાણી-પુરવઠાના કામો માટે રૂ. ૧૪૫૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરીને તેને સંગ્રહ કરવાનો અનુરોધ શ્રી પટેલે જણાવ્યું કે, ભગવાન મહાવીરે પણ પાણીને ઘીની જેમ વાપરવાની સલાહ આપી છે. વિશ્વ વંદનીય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મ સ્થળ વડોદરા જિલ્લાના ચાણસદમાં ગુજરાત પ્રવાસન નિગમ લિ. તથા બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના સંયુકત સહયોગથી નિર્માણ પામેલ નારાયણ સરોવરનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં ધાર્મિક વિધિ વિધાન સાથે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાધુ-સંતના શિખર અને આધ્યાત્મિક જ્ઞાનના મહાસાગર એવા પ્રમુખ સ્વામી મહારાજના જન્મસ્થળે નવનિર્મિત નારાયણ સરોવરનું લોકાર્પણ કરતા તેમણે ધન્યતા અને સદ્ભાગ્યની લાગણી અનુભવી હતી. તેમણે જણાવ્યું હતુ કે, પ્રમુખ સ્વામી મહારાજના શૈશવકાળના સંસ્મરણો ધરાવતા આ તળાવનું રિડેવલેપમેન્ટ રાજ્ય સરકારના પ્રવાસન નિગમ અને બી.એ.પી.એસ. સંસ્થાના સહકારથી કરવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દીર્ઘદ્રષ્ટા છે, તેવું જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુંકે, તેમના નેતૃત્વમાં કોઈ પણ સમસ્યા આવે તે પહેલા તેમાંથી બહાર નીકળવાનો રોડમેપ તૈયાર કરવામાં આવે છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં ડબલ એન્જિન સરકારનો નાગરિકોને લાભ મળી રહ્યો છે. દરેક ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી નલ સે જલ યોજના અંતર્ગત પહોંચાડવામાં આવી રહ્યુંછે. શ્રીપટેલે કહ્યુંહતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતના વિકાસ માટે રાજ્ય સરકાર અવિરત કાર્યરત રહેશે. તેમણે બી.એ.પી.એસ સંસ્થાના સમાજ સેવાના કાર્યોની સરાહના કરતાજણાવ્યું હતુંકે, આ સંસ્થાએ રાજ્ય સરકારની સાથે રહીને પ્રજાજનો માટે અનેકવિધ કાર્યો કરવા સાથે કોરોનાકાળમાં પણ લોકસેવાનું ભગીરથ કાર્ય કર્યુ હતું. પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ નારાયણ સરોવરને હરિભક્તો માટે આસ્થાનું કેન્દ્ર ગણાવી જણાવ્યુંહતું કે, પવિત્ર ભૂમિ ચાણસદમાં આવેલા નારાયણ સરોવરના બ્યુટીફીકેશનથી લાખો પર્યટકોને લાભ મળશે. પ્રમુખ સ્વામી મહારાજને ભાવાંજલિ પાઠવતા તેમણે ઉમેર્યુ હતું કે, સ્વામીજીએ વિશ્વશાંતિ માટે સેવાકાર્યોનો અનોખો ચીલો ચાલુ કર્યો હતો. સંસ્કારયુક્ત શિક્ષણ પર ભાર આપીને સ્વામીજીએ કરોડો યુવાનોની કારકિર્દીને ઉજ્જ્વળ બનાવી હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. સાંસદ શ્રી નરહરિભાઈ અમીને જણાવ્યું કે રાજય સરકારના પ્રવાસન વિભાગના રૂ. ૧૦ કરોડના અનુદાન અને સંસ્થાના રૂ.૧૭ કરોડ સહિત કુલ રૂ.૨૭ કરોડના ખર્ચે નારાયણ સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે.આગામી સમયમાં ગામમા આરોગ્ય,શિક્ષણ અને મહિલાના પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. બી.એ.પી.એસ સંસ્થાના બ્રહ્મવિહારી સ્વામીએ જણાવ્યું હતુ કે પ્રમુખ સ્વામી મહારાજના પ્રાગટ્ય સ્થાન ચાણસદ માં નિર્માણ થયેલ નારાયણ સરોવર એટલે કે શાંતિનું ગામ વિશ્વ શાંતિનું કેન્દ્ર બિંદુ બની રહેશે.

ચાણસદના ગ્રામજનોનો આભાર વ્યક્ત કરતાં સ્વામીશ્રીએ ઉમેર્યું કે પૂર્વાપરના પુણ્યથી ગુરૂહરિ પ્રમુખસ્વામી અહીં પ્રગટ થયા હતા.ચાણસદ ગામે અવતારી અને દિવ્ય પુરુષ અને પવિત્ર સંત આપ્યા છે,જે આજે વિશ્વ માટે ભેટ બનીને બેઠું છે.તેમણે નારાયણ સરોવરની વિકાસ ગાથાની વિગતો આપી રાજય સરકારના પ્રવાસન વિભાગના સહયોગ બદલ આભાર વ્યકત કર્યો હતો. આ પાવન અવસરે પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુકલા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ પટેલ,મેયર શ્રી નિલેશ રાઠોડ,, સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, ધારાસભ્યો સર્વશ્રી યોગેશભાઈ પટેલ, શ્રી ચૈતન્યસિંહ ઝાલા,ચૈતન્યભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા,જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલ, પદાધિકારીઓ, બી.એ.પી.એસ સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંયોજક ઈશ્વરચરણ સ્વામી,વરિષ્ઠ સંતશ્રી ભક્તિપ્રિયદાસ સ્વામી, સંતો હરિભક્તો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લાના જનપ્રતિનિધિઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે મુખ્યમંત્રી શ્રીની ફળદાયી બેઠક

**ધાર્મિક સ્થાનક એવા પોર બળિયા દેવ મંદિર પાસે રાજ્ય સરકાર દ્વારા પૂલ બનાવવા મુખ્યમંત્રીશ્રીએ આપેલી સૂચના**



કમલમ્ ન્યુઝ,વડોદરા,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરા જિલ્લાના પવિત્ર એવા પોર બળિયા દેવ મંદિરના દર્શનાર્થે આવતા યાત્રિકોને નવી ભેટ આપી છે. બળિયા દેવ મંદિર પાસે નદી ઉપર રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂલ બનાવવા માટેની સૂચના આપી છે. મુખ્ય મંત્રીશ્રીએ આજે સ્થાનિક આગેવાનો સાથેની બેઠક બાદ તેમણે આ સૂચના આપી હતી. બળિયા દેવ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે કલેકટર છે અને તેથી મંદિર ટ્રસ્ટ દ્વારા પણ પૂલ બનાવવાના જનહિતના કાર્યમાં ફાળો આપવા તેમણે કલેકટરશ્રીને સૂચના આપી છે. વડોદરા જિલ્લાની સવારથી મુલાકાતે આવેલા મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક ધારાસભ્યો અને વિવિધ જન પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી તેમની રજૂઆતો સાંભળી હતી અને તેનો સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. બાદમાં જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથેની બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ જનપ્રતિનિધિઓના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા અધિકારીઓને સૂચના આપતા કહ્યુ કે, વિકાસના કામો નાનામાં નાના અને છેવાડાના માનવી ને કેન્દ્રમાં રાખીને થવા જોઈએ. ગરીબ વ્યક્તિની વ્યથા અને સમસ્યાને ધ્યાને રાખીને વિકાસ કામોનું આયોજન કરી તેનું તુરંત અમલીકરણ કરવું જોઈએ. આ બેઠકમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા વીજળી, પાણી, આરોગ્ય, માર્ગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને લગતા નીતિ વિષયક પ્રશ્નો પ્રસ્તુત કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ તમામ બાબતોને ધૈર્યપૂર્વક સાંભળી તે માટે યોગ્ય નિરાકરણ સત્વરે લાવવાઅધિકારીઓને મુખ્યમંત્રીશ્રી એ સૂચના આપી હતી. આ બેઠકમાં સાંસદ શ્રીમતીરંજનબેન ભટ્ટ અને શ્રીમતીગીતાબેનરાઠવા, ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતા, શ્રી અક્ષયભાઈ પટેલ, શ્રી કેયુરભાઈ રોકડિયા, શ્રી ચૈતન્યસિંહ ઝાલા, શ્રીધર્મેન્દ્રસિંહવાઘેલા,શ્રીકેતનભાઈ ઈનામદાર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ પટેલ, અગ્રણી શ્રી સતિષભાઈ પટેલ, શ્રી પરાક્રમસિંહ જાડેજા, કલેક્ટર શ્રી અતુલ ગોર, મ્યુનિસિપલ કમિશનર શ્રી દિલીપ રાણા, રેન્જ ડીઆઈજી શ્રી સંદીપસિંઘ, અધિક પોલીસ કમિશનર શ્રી મનોજ નિનામા, એસપી શ્રી રોહન આનંદ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં આરોગ્ય સુવિધાની ચકાસણી માટે મોક ડ્રિલ કરવામાં આવી

**મોક ડ્રીલ દરમિયાન આરોગ્ય સુવિધાઓની ઉપલબ્ધતા, આઇસોલેશન બેડની ક્ષમતા, ઓક્સિજનની સુવિધા, વેન્ટિલેટર બેડની ઉપલબ્ધતા સહિતની આરોગ્ય સુવિધાઓની પ્રત્યક્ષ ચકાસણી કરવામાં આવી**



કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જીલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્ર સાણંદ ખાતે જિલ્લા વિકાસ અધિકારી એમ કે દવે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.શૈલેષપરમાર, જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઇ, તાલુકા હેલ્થ ઓફિસર ડો. બી કે વાઘેલા, સીએચસી અધિક્ષક સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા મોક ડ્રીલ કરવામાં આવી હતી. જીલ્લાવિકાસ અધિકારી દ્વારા મોક ડ્રીલ દરમિયાન આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓ સાથે મીટીંગ કરીને કોરોના સંદર્ભે પૂર્વ તૈયારી રાખવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. હાલ અમદાવાદ જીલ્લામાં કોવિડની સારવાર માટે કુલ ૨૧૧૫ બેડ ઉપબલ્ધ છે. આઈસીયુ વેન્ટીલેટર ૧૮૫, આઈસીયુ નોન વેન્ટીલેટર ૧૧૫, ઓક્સિજન બેડ ૧૦૦૬ અને વીધાઉટ ઓક્સિજન ૮૦૯ બેડ કોવિડની સારવાર માટે તૈયાર રાખવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશ અને દુનિયામાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે ત્યારે ગુજરાત સરકાર પણ સતર્કતા રાખી રહી છે. જેના ભાગરૂપે સોમવારે વિરમગામ સહિત અમદાવાદ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલ સહિતના સરકારી હોસ્પિટલોમાં આરોગ્ય સુવિધાઓની ચકાસણી માટે મોક ડ્રીલ કરવામાં આવી હતી. મોક ડ્રીલ દરમિયાન આરોગ્ય સુવિધાઓની ઉપલબ્ધતા, આઈસોલેશન બેડની ક્ષામતા, ઓક્સિજનની સુવિધા, વેન્ટિલેટર બેડની ઉપલબ્ધતા સહિતની આરોગ્ય સુવિધાઓની પ્રત્યક્ષ ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓની ઉપલબ્ધતા બાબતે પણ ચકાસણી કરવામાં આવી હતી. વર્તમાન પરિસ્થિતિમાં પણ કોવીડ પ્રોટોકોલ જાળવવો જરૂરી છે. જેમકે, માસ્કનો ઉપયોગ કરવો, સાબુ અને પાણીથી વારંવાર હાથ ધોવા, હાથ મિલાવવાના બદલે નમસ્તે દ્વારા અભિવાદન કરવું, વ્યક્તિઓ વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ રાખવું. ગભરાહટ નહીં, સમજદારી અને સતર્કતા એ જ આપણી સલામતી છે.

# એક એવી શાળા જે અન્યો માટે બની 'દિવાદાંડી'

## અનેક ઇનામ અકરામ જીતી ચુકેલી બિલિઆંબા પ્રાથમીક શાળા અને શાળા પરિવારે વિદ્યાર્થીઓ અને વાલીઓના દિલ જીતી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પણ સન્માન મેળવ્યા







**રાજ્ય સરકારના સ્કુલ ઓફ એક્સલંસના તમામ માપદંડોમા શ્રેષ્ઠતા સાબિત કરનાર બિલિઆંબા શાળાની પગદંડીએ ચાલી રહી છે ડાંગ જિલ્લાની ૧૧૦ શાળાઓ**

કમલમ્ન્યુઝ,અમરનાથ જગતાપ

શાળાની શૈક્ષણિક પ્રવ્રુતિની સાથે સાથે બાહ્ય પ્રવ્રુતિઓમા પણ અગ્રેસર રહી ૭૮.૭૮ ટકા સાથે ગુણોત્સવ ૨.૦ માં એ ગ્રેડ મેળવનારી ડાંગ જિલ્લાની છેક છેવાડે આવેલી બિલિઆંબાની પ્રાથમીક શાળાએ, અનેક ઈનામ અકરામ જીતી વિદ્યાર્થીઓ અને વાલીઓના દિલ જીતી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પણ સન્માન મેળવ્યા છે. સ્કુલઓફ એક્સલંસક્ષેત્રે મેરીટ સર્ટિફિકેટ મેળવનારી આ શાળાએ સ્થળાંતરના પ્રશ્ન સામે ઝઝુમી રહેલા સરહદી વિસ્તારમા સરેરાશ ૯૨થી૯૪ટકાહાજરી સાથે વાંચન-ગણન અને લેખનમા ૯૪.૯૭ટકા સાથે પારંગતતા હાંસલ કરી છે. આ શાળાના ૯૯ ટકા બાળકોએ ૪૦ ટકા કરતા વધુ અધ્યયન નિશ્પતિ સિદ્ધ કરી છે. તો ૫૭ટકા બાળકોએ ૮૦ ટકા કરતા વધુ નિશ્પતિ સિદ્ધ કરી છે. ગુજરાતના છેવાડે ડાંગ તાપી અને મહારાસ્ટ્ રાજયના ત્રિભેટે આવેલા અને વિશિસ્ટ ભૌગોલીક પરિસ્થિતિ ધરાવતા બિલિઆંબા ગામની આ પ્રાથમિક શાળાએ સ્કુલ ઓફ એક્સલંસ ઉપરાંત ગત વર્ષ ૨૦૨૨ ની ઈમ્ઝ ગ્રીન યોર સ્કુલ પ્રોગ્રામ સ્પર્ધામા પણ દેશભરની પ્રાથમિક શાળાઓમા પ્રથમ નંબર હાંસલ કરી ડાંગ અને ગુજરાતનુ માન વધાર્યુ છે. ડાંગ જિલ્લાને ગૌરવ પ્રદાન કરતા આ શાળાએ ભુતકાળમા પણ અનેક ઈનામ અકરામ પોતાના નામે અંકિત કર્યા છે. સને ૨૦૦૩/૦૪મા આ શાળાને જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા શ્રેસ્ઠ શાળાનો એવોર્ડ એનાયત કરાયો હતો. તો ૨૦૦૭/૦૮મા જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન અને GCERT દ્વારા શાળા ગુણવત્તા એવોર્ડ મળવા પામ્યો હતો. સને ૨૦૧૬/૧૭મા જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન અને GCERT દ્વારા શાળા સ્વછતા એવોર્ડ ઉપરાંત સને ૨૦૧૭/૧૮ અને સને ૨૦૨૨/૨૩મા પણ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા સ્વચ્છ વિધ્યાલય પુરસ્કાર એનાયત કરાયો હતો. નેશનલ સ્કુલ ગેમ્સમાં આ શાળાએ અંડર-૧૪ (ભાઈઓ/બહેનો) ની ખો ખો રમતમાં સ્ટેટ લેવલે ઉત્કૃસ્ઠ દેખાવ કરતા અનેક મેડલ્સ શાળાને અપાવ્યા છે. તો ખેલ મહાકુંભમાં પણ ખો ખોની રમતમાં આ શાળાના બાળકોએ ડાંગનો ડંકો વગાડયો છે. GCERTસંચાલિતરમતોત્સવમાં પણ બિલિઆંબા પ્રાથમિક શાળાએ રાજ્ય કક્ષાએ અનેક પારિતોષિકો પોતાના નામે કર્યા છે. તો NMMS/PSE EXAMS માં પણ અહીના બાળકોએ તેમનામાં રહેલી પ્રતિભાના દર્શન કરાવ્યા છે. ગુજરાતની રાજ્ય કક્ષાની ખો ખોની ટીમમાં પ્રતિવર્ષ આ શાળાના ચાર/પાંચ બાળકોએ પસંદગી પામી, ગુજરાતબહાર પણરાજ્યની ટીમનું પ્રતિનિધિત્વ કરી અનેક મેડલો ગુજરાતને અપાવી, ગુજરાતનું માન વધાર્યુ છે. અત્યાર સુધી બિલિઆંબા શાળાના ૬૧ થી વધુ બાળકોએ ગુજરાતની રાજ્ય કક્ષાની ખો ખો ટીમમાં પસંદગી પામી તેમના કૌશલ્યને પ્રદર્શિત કર્યુ છે. ૧૩ વર્ગખંડો ધરાવતી બિલિઆંબા પ્રાથમિક શાળા ખાતે ૧ કોમ્પ્યુટર લેબ, ૧ વિજ્ઞાન ખંડ, ૧ ભાષા કોર્નર, ૧ સામાજિક વિજ્ઞાન ખંડ, ૧ ગુગલ કલાસ રૂમ, ૨ સ્માર્ટ કલાસ રૂમ, ૨ રમતગમતના મેદાનો જેવી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ શાળાના વિદ્યાર્થીઓને પ્રાર્થના, યોગ, ઘડિયા ગાન, રમતગમત, ઈકો કલબની પ્રવૃતિ, કિચન ગાર્ડન, બાગ કામ, રાસ્ટ્રીય અને ધાર્મિક તહેવારોની ઉજવણી, સાંસ્કુતિક કાર્યક્રમો, વાલી દિન, પ્રોજેકટ પધ્ધતિ, મુલાકાતપધ્ધતિ, પર્યાવરણ અને સ્વચ્છતા, સ્પર્ધાત્મક પરીક્ષાઓ સહિત વધારાના વાંચન, લેખન અને ગણનના વર્ગોનો લાભ આપવામાં આવે છે. ધોરણ-૧ થી ૮ ની આ શાળામાં ડાંગ સહિત પાડોશી તાપી જિલ્લાના બાળકો પણ અભ્યાસ કરી રહયાં છે. અંહી ૩૬૦ બાળકો ખાનગી શાળાઓને પણ ટક્કર મારે તેવુ ગુણવક્તાયુક્ત શિક્ષણ મેળવી રહયા છે. એમને નવ જેટલા ગુરૂજીઓ શિક્ષિત અને દિક્ષિત કરી રહયા છે. બિલિઆંબા સહિત આસપાસના ૧૮ ગામોના બાળકોને શિક્ષણ અને સંસ્કાર આપતી આ શાળામાંથી અભ્યાસ કરીને કેટલાક વિદ્યાર્થીઓ ડોકટર અને એન્જિનિયરો થયા. તો કેટલાક PTC, B.ed, નર્સિંગઅને કોલેજ કક્ષાએ પણ અભ્યાસઅર્થે ગયા છે. બિલિઆંબા શાળાના શિક્ષકો અને SMC નાં સભ્યોએ આ શાળાને માત્ર શાળા જ નહી સમજતા, એક વિદ્યાનું મંદિર સમજીને તેના સર્વાંગિણ વિકાસમાં શ્રમદાન કર્યુ છે. શાળાના બાળકો માટે રમતગમતનું મેદાનહોય કે, કિચન ગાર્ડન માટેનું નાનકડુ ખેતર. અહી સૌએ સાથે મળીને તેમની જરૂરિયાત અનુસારની સુવિધા ઊભી કરી છે. આમ, રાજ્ય સરકારની શ્રેષ્ઠ શાળા તરીકે નમુનેદારકામગીરીકરતીબિલિઆંબા પ્રાથમિકશાળા'સ્કુલઓફએકસલંસ' સાથે શિક્ષણ જગતના દરેક ક્ષેત્રે અન્યો માટે 'દિવાદાંડી' સાબિત થઈ રહી છે.શાળાની સિદ્ધિઓ વર્ણવતા મુખ્ય શિક્ષક શ્રી વિમલ ગામીતે જણાવ્યું હતું કે, શાળાના એક એક શિક્ષક જ નહીં તેમના પરિવારજનોએ પણ પોતાની શાળાને લાગણી અને પ્રસ્વેદથી સીંચી છે. ભૌતિક સુવિધાઓના વિકાસની વાત હોય કે સમગ્ર શાળાના ભાવાવરણની વાત હોય, શાળા પરિવાર રાતદિવસ જોયા વિના શાળા અને શિક્ષણના વિકાસ માટે તૈયાર હોય છે. જેમાં SMC ના સભ્યો અને ગ્રામજનો પણ ખભેખભા મિલાવીને સાથ, સહકાર અને સેવા આપે છે. છેક છેવાડેના દૂરદરાજ વિસ્તારની શાળાની સિદ્ધિ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ મેળવે તે સૌના માટે ઉદાહરણિય છે તેમ જણાવતા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નરેન્દ્રભાઈઠાકરેએ, ડાંગ જિલ્લાની ૧૧૦ શાળાઓને આ શાળાની સમકક્ષ લાવવાના તેમના પ્રયાસો છે તેમ કહ્યું હતું.

# પાલનપુર કલેકટર કચેરી ખાતે કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલના હસ્તે પક્ષીઓના માળા અને કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરાયું

## નાગરિકોને આ સેવાકીય કાર્યમાં સહભાગી બનવા અને યોગદાન આપવા અપીલ કરતા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલ

**બનાસકાંઠા જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી દ્વારા દરેક તાલુકા મથકે કાર્યક્રમ યોજી ૫૦૦૦ જેટલાં પક્ષીઘર-કુંડાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે**







કમલમ્ ન્યુઝ,આનંદ ઠક્ક

ઉનાળાની શરુઆત થઈ છે ત્યારે સમગ્ર જીવસૃષ્ટિ ગરમી અને તરસનો અહેસાસ કરીરહી છે. આ પરિસ્થિતિમાં અબોલ પંખીઓને ઉનાળામાં દાણો પાણી મળી રહે એ માટે બનાસકાંઠા જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી, જીઁ..ઝ.છ દ્વારા કલેકટરશ્રી વરૂણકુમાર બરનવાલના હસ્તે પાલનપુર કલેક્ટર કચેરી ખાતે આજરોજ ચકલીઘર, પાણીના કુંડા, અને બર્ડ ફીડરનું વિનામૂલ્યે વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલે હોમગાર્ડસની બહેનો, કલેકટર કચેરીના સફાઈ કર્મચારીઓ, જીવદયા પ્રેમીઓ અને સેવાભાવી સંસ્થાઓના કાર્યકરો સહિત ઉપસ્થિત સૌને પ્લાસ્ટિક તેમજ માટીના પાણીના કુંડા, ચકલી ઘર અને માળાનું વિનામૂલ્યે વિતરણ કર્યું હતું. આ પ્રસંગે કલેકટર શ્રી વરૂણકુમાર બરનવાલે જીઁ..ઝ.છના સભ્યોની પ્રવૃત્તિને બિરદાવી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ નાગરિકોને આ સેવાકીય કાર્યમાં સહભાગી બનવા અને યોગદાન આપવા અપીલ કરતા પક્ષીઘર અને માળાનો સદઉપયોગ કરવા જણાવ્યું હતું. પક્ષીઘર અને માળા લઈ જનાર તમામ નાગરિકોને અબોલ જીવો પ્રત્યે સંવેદના દાખવવા બદલ તેમને શુભેચ્છાઓ પાઠવતાં જીઁ..ઝ.છ ના સેક્રેટરી ડૉ. ગણેશભાઈ પટેલે જણાવ્યું કે ચાલુ વર્ષે પક્ષીઓ માટે માળા અને કુંડાનુ વિનામૂલ્યે વિતરણ કરવાના કાર્યક્રમનો કલેકટર શ્રીના હસ્તે શુભારંભ કરી જિલ્લાના દરેક તાલુકા મથકે આ પ્રકારનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમો થકી અંદાજે ૫૦૦૦ જેટલાં માળા-પક્ષીઘર- કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. બનાસકાંઠા જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી, જીઁ..ઝ.છ દ્વારા દર વર્ષે ઉનાળાની શરૂઆતમાં પક્ષીઓ માટે માળા, પાણીના કુંડાનું છેલ્લા ૧૩ વર્ષ થી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. આ પ્રસંગે જીઁ..ઝ.છ ના ઉપપ્રમુખશ્રી જયંતીભાઈ દોશી, નાયબ પશુપાલન નિયામકશ્રી ડો. જગદીશભાઈ મજેઠીયા સહિત સંસ્થાના સભ્યશ્રીઓ ગૌતમ શાહ, પ્રફુલ શાહ, હાર્દિક જોશી, વિપુલ જોશી, ગોવિંદ રાજપૂત, હરેશ ભાટિયા સહિતના સભ્યો અનો જીવદયા પ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

